# વિદેશમાં નોકરીના નામે યુવાઓ સાથે ચીટિંગના કેસમાં સૂત્રધાર ઝડપાયો

સુરત, તા. ૮

વિદેશમાં ઊંચા પગારની નોકરીની લાલચમાં સપડાવી યુવાઓ સાથે લાખોનું ચીટિંગ કરનાર ટોળકીના સૂત્રધારને ઝડપી લેવામાં પોલીસને સફળતા મળી છે. અઠવાડિયા અગાઉ ત્રણ યુવકોને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યા બાદ હવે ઉમરા પોલીસે સચિન શાહ ઉર્ફે રાજવીર મિશ્રાને દબોચી લીધો છે.

ઉમરા પોલીસ પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર વેસુરોડ ઉપરના ફોનિક્સ ટાવરમાં કુણાલ ભરત મિસ્ત્રીએ એક ઓફિસ ભાડે લઈ તેમાં યુનિવર્સલ ગ્રૂપ નામથી ઓફિસ શરૂ કરી હતી. આ સરનામેથી તેઓએ વિદેશમાં નોકરી માટેની જાહેર ખબર પ્રસિદ્ધ કરાવી હતી. અરવલ્લીના ધનસુરા તાલુકાના વતની અનિલકુમાર ઈશ્વરભાઈ બારોટે વર્તમાનપત્રોમાં જાહેર ખબર વાંચી યુનિવર્સલ ગ્રૂપનો સંપર્ક સાધ્યો હતો. અનિલને અહીંના કર્તાહર્તા કુણાલ ભરત મિસ્ત્રીએ શૈક્ષણિક લાયકાત વગેરે પૂછી વિદેશમાં નોકરી મળી જશે એવું આશ્વાસન આપી અનિલ પાસેથી ૩.૦૯ લાખ રૂપિયા પડાવી લીધા હતા.

અનિલ બારોટની જેમ જ નવસારીના જલાલપોર તાલુકાના મંદિર ગામમાં રહેતા રઈસ અહમદ ગફુરભાઈ શેખ, નવસારીના તરોટા બજારમાં આવેલા મન્નત એપાર્ટમેન્ટમાં રહેતા ઉસ્માનભાઈ અમીનભાઈ મેમણ, શહેરના ડભોલી વિસ્તારમાં ગોવિંદજી હોલની બાજુમાં આવેલા હરિનગરમાં રહેતા જયદીપ હિંમતભાઈ ગઢિયા અને કેરાલિયન સુમીશ સખીશ, જલાલપોરના અલ્તાફ અયુબ પટેલ, ભરૂચના નબીપુરના વતની સોએબ યુનુસ મોલા, સલમાન બસીરભાઈ પટેલ તથા આણંદ જિલ્લાના બોરસદના વતની મહંમદ અબરાર નિસારોદિન મલેકને પણ વિદેશમાં નોકરીની વાતમાં ફસાવાયા હતા. તેઓ પાસેથી પણ દોઢ-દોઢ લાખ રૂપિયા લેવાયા હતા.

બ્રૂનેઈ દેશમાં આવેલી ગાર્મેન્ટ કંપનીમાં ૫૦ હજારથી વધુ પગારની લાલચ અપાતાં આ યુવકો નોકરી માટે તૈયાર થયા અને તેમણે માગ્યા અનુસારના ડોક્યુમેન્ટ્સ તથા નાણાં જમા કરાવી દીધા હતા. ત્યારબાદ તેઓને વિદેશ મોકલવાની વાત તો દૂર પણ સીધા જવાબ પણ અપાયા ન હતા. યુનિવર્સલ ગ્રૂપના કુણાલ મિસ્ત્રી સામે આ ગરજાઉ યુવકોએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ આઠ યુવાઓ સામે ચીટિંગ કરી ભાગેલી ટોળકીની તલાશમાં ઉમરા પોલીસની સાથે ક્રાઈમ બ્રાન્ચની ટીમ પણ જોડાઈ હતી. ક્રાઈમ બ્રાન્ચના સબ ઈન્સ્પેક્ટર કે. કે. ગોહિલની ટીમ આ ગઠિયાઓ સુધી પહોંચવામાં સફળ રહી હતી. રૂપિયા ઉસેટી ઓફિસ બંધ કરી ફરાર થઈ ગયેલા કેતન દીપકભાઈ સરવૈયા (રહે. મંગલમ એપાર્ટમેન્ટ, પીપલોદ જકાતનાકા પાસે), પ્રતીક નિલેશ શાહ (રહે. રિવર ડ્રાઈવ સોસાયટી, અડાજણ), તથા મહેન્દ્ર માંગીરામ પ્રજાપતિ (રહે. મંગલ એપાર્ટમેન્ટ, પીપલોદ)ને ઝડપી પાડ્યા હતા. આ યુવકોની તપાસમાં સમગ્ર કૌભાંડનો સૂત્રધાર સચિન શાહ હોવાનું બહાર આવ્યું હતું. જો કે એ સમયે તે નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. આ સચિન બાગમલ શાહ ઉર્ફે રાજવીર મિહિર શર્મા (રહે. પાલ્મ એવન્યૂ, વીઆઈપી રોડ, વેસુ)ને ઉમરા પોલીસે ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે.

## સચિન શાહ બદનામ થતાં રાજવીર મિશ્રા જનમ્યો

**સચિન શાહ ઉર્ફે રાજવીર મિશ્રાએ આખો ખેલ રચ્યો હતો**

સુરત : વિદેશમાં નોકરીના નામે મોટા ખેલ કરનાર સચિન શાહ ખુદ બહુરૂપીઓ છે. તેણે જુદા જુદા કામ માટે અલગ અલગ ચહેરાઓ રાખ્યા હતા. વિદેશ જવા માગનારાઓ પાસેથી લેવાતા પૈસા સચિન બાગમલ શાહ પોતે રાખતો અને પછી બધાને તેમની ભૂમિકા પ્રમાણે હિસ્સો આપતો હતો. સચિનનો ટ્રેક રેકર્ડ ખરાબ હોવાથી તેણે પણ પોતાની નવી ઓળખ ઊભી કરવા મોટું કૌભાંડ કર્યું છે. સચિને પોતે રાજવીર મિહિર મિશ્રાની ઓળખ અપનાવી હતી. આ માટે તેણે બોગસ દસ્તાવેજો પણ ઊભા કર્યા હતા. વેસુની પ્રોપર્ટી તેણે રાજવીર મિશ્રાના નામે જ ખરીદી હોવાનું જાણવા મળે છે. તેની તપાસમાં બોગસ ડોક્યુમેન્ટ્સના ચોંકાવનારા ખુલાસા થાય એવી શક્યતા છે.